ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૨-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### તેલંગાણાની પીડાદાયક પ્રસૂતિ

દેશનાં ૨૯માં રાજય તરીકે આંધ્ર પ્રદેશમાંથી છૂટા પડી રહેલા નવા રાજય તેલંગાણાની જન્મ સમયની પીડા સ્વતંત્ર ભારતના ઇતિહાસની એક યાદગાર ઘટના બની રહેશે. છેલ્લા ઘણાં વર્ષોથી ચંદ્રશેખર રાવના નેતૃત્વ હેઠળ 'તેલંગાણા રાષ્ટ્ર સમિતિ' - ટીઆરએસ અલગ રાજયની માગણી બુલંદ કરતી રહી હતી, જેને આખરી ઓપ આપતાં કેન્દ્ર સરકારને ઘણો લાંબો વખત લાગ્યો છે. કોંગ્રેસ માટે સાપે છછુંદર ગળ્યા જેવું થયું હતું. એક તરફ ચૂંટણી ઢંઢેરામાં એ તેલંગાણાનું અલગ રાજય સ્થાપવાનું વચન આપી ચૂકી હતી અને બીજી તરફ કોંગ્રેસના જ મોટા ભાગના આંધ્રવાસી નેતાઓ અખંડ આંધ્રની માગણી સાથે રાષ્ટ્રીય નેતાગીરીને પડકારી રહ્યા હતા. કોંગ્રેસની આ અવઢવ પારખી જઇને ભારતીય જનતા પાર્ટીએ અલગ તેલંગાણા અંગે વચનબદ્ધ હોવા છતાં બેવડું સ્ટેન્ડ લઇ દૂધમાં ને દહીમાં પગ રાખવાની કૂટનીતિ અપનાવી હતી. નાછૂટકે સોનિયા ગાંધીએ યુપીએ-૨ સરકાર હસ્તકના લોકસભાના અંતિમ સત્રના અંતિમ તબક્કે આ પાર કે પેલે પારની નિર્ણાયક રણનીતિ અને મજબૂત મનોબળનો પરચો બતાવી ભારે સંઘર્ષપૂર્ણ સ્થિતિમાં ભાજપ, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસના યુપીએ - ઘટકોના સહયોગથી લોકસભામાં તેલંગાણા રાજયના ગઠનનો ખરડો પસાર કરાવી દઇ એક બાહોશ રાષ્ટ્રીય નેતાને છાજે એવો નિર્ણાયક નેતૃત્વનો અભૂતપૂર્વ દાખલો બેસાડ્યો છે. જદ(યુ), તૃણમૂલ કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના વિરોધ ઉપરાંત સૌથી મોટો વિરોધ તો ખુદ કોંગ્રેસી (આંધ્રપ્રદેશમાંથી ચૂટાયેલાં) સાંસદોએ કર્યો હતો. ચંદ્રાબાબુ નાયડુના તેલુગુ દેશમ અને બળવાખોર જગનમોહન રેડ્ડીની પાર્ટીએ અનેક ધમપછાડા કર્યા. કોંગ્રેસી પ્રધાનોએ અને સાંસદોએ રાજીનામાં ધરી દીધાં અને ખુદ આંધ્રનાં મુખ્યમંત્રી અખંડ આંધ્રના નામે પદ પરથી રાજીનામું ધરી દઇ નવો પ્રાદેશિક પક્ષ બનાવી માતૃપક્ષ કોંગ્રેસને સીમાંધ્રની તાકાત બતાવી દેવાનાં મૂડમાં છે. એમણે આંધ્રપ્રદેશની વિધાનસભામાંથી તેલંગાણા વિરોધી અભિપ્રાય મોકલીને કેન્દ્ર સરકારને અગાઉથી આંધ્રની અખંડતાની તરફણ કરતા હોવાની પ્રતીતિ કરાવી જ દીધી હતી. એમણે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે અને તેલંગાણા સમર્થક પાર્ટીઓની ભર્ત્સના હુમલો કરાયો છે. આંધ્રપ્રદેસમાં તેલંગાણા ૧૭ સંસદીય ક્ષેત્રોનો વિસ્તાર છે. જયારે સીમાંધ્ર ૨૫ સંસદીય બેઠકો ધરાવતો તેલંગણાની સરખામણી દોઢો વિસ્તાર છે. સ્વાભાવિક છે કે આંધ્રપ્રદેશની વિધાનસભામાં તેલંગાણાના સમર્થકો લઘુમતીમાં જ હોય. પરંતુ ચૂંટણી વચન પુરું કરવા માગતી કોંગ્રેસ પ્રામાણિકતા દાખવી આ દેખીતું જોખમ વહોર્યું છે. ભાજપ માટે આંધ્રમાં પ્રવેશ મેળવવો એ જ મોટી વાત હોઇ એણે વ્યૂહાત્મક રીતે તેલંગાણાના વિભાજનને સમર્થન તો આપ્યું, પરંતુ સાથે જ સીમાંધ્રને સારું પેકેજ મળી રહે એની વકીલાત કરી એની પ્રજાને પણ વ્હાલા લાગવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસની માઠી દશા બેઠી છે ત્યારે તેલંગાણા રાષ્ટ્ર સમિતિએ અગાઉ આપેલું વચન પાળી એ કોંગ્રેસ સાથે ભળી જશે તો કોંગ્રેસને થોડી રાહત રહેશે. ચંદ્રાબાબુ એ રાજકારણમાં હાંસિયે ધકેલાઇ ગયા પછી મોદીના શરણે જઇ સીમાંધ્રમાં કિસ્મત અજમાવવાનો વ્યૂહ સ્વીકાર્યો છે. પરંતુ મોદીની પાર્ટીએ તો તેલંગાણા બિલ પસાર કરાવવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. આવાં વિશિષ્ટ અને એકમેકની વિપરીત ગણિતો વચ્ચે દેશનાં ૨૯મા રાજય લેખે તેલંગણાનો જન્મ થયો છે. હવે પછીના દિવસો આંધ્રપ્રદેશની પ્રજા માટે કેવા હશે એ કલ્પવું મુશ્કેલ છે. સાંસદ કક્ષાની વ્યક્તિઓને લોકશાહીના મંદિર સમા સંસદભવનમાં મિરચી સ્પ્રે અને માઇક ઉછાળ્યાં તે પછી બિલ રજૂ કરતી વેળાએ સંસદનાં બારણાં બંધ કરી દેવાં પડ્યાં, લોકસભા ટીવીનું પ્રસારણ થંભાવી દેવું પડ્યું અને શોકબકોર વચ્ચે ઉતાવળે ભાજપ દ્વારા સૂચિત મોટા ભાગના સુધારા માન્ય કરી દઇ ઇતિ સિદ્ધમ્ કરવું પડ્યું - તે જ શું આગામી દિવસોમાં આવનારાં તોફાનોનો પૂર્વ સંકેત નથી?

## બેરોજગાર વ્યાયામ ટાટ પાસ ઉમેદવારો જંગે ચડયા

# રાજયમાં ૩૦૦૦ વ્યાયામ શિક્ષકોની અછત

# છતાં રમશે ગુજરાત અને જીતશે ગુજરાત...!

ગાંધીનગર, તા.૧૯

રાજયની સરકારી શાળાઓમાં અંદાજીત ૩૦૦૦ જેટલી વ્યાયામ શિક્ષકોની જગ્યાઓ ખાલી પડેલી છે. અગાઉ સરકાર દ્વારા વ્યાયામ શિક્ષક બનવા માટે ટાટ પરીક્ષા લેવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉમેદવારો ઉત્તીર્ણ થયા હતા ત્યારે સરકાર દ્વારા હાલમાં ટાટ માટેની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવતા અગાઉ ટાટ પાસ કરેલા ઉમેદવારોએ સરકાર સામે બંડ પોકાર્યો છે. અને પાટનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આમરણાંત ઉપવાસ પર બેસી આવનાર લોકસભાની ચૂંટણીનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

રાજય સરકાર છેવાડાના ગામડાનો યુવાન રમત ગમત ક્ષેત્રે દેશ અને દુનિયામાં નામ રોશન કરે તે માટે લાખો રૂપિયાનો ધુમાડો કરે છે. શાળાના બાળકોની અંદર પડેલી શકિતઓ બહાર લાવવા માટેના પ્રયાસો કરે છે પરંતુ સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં અંદાજીત ૩૦૦૦ જેટલી ખાલી પડેલી વ્યાયામ શિક્ષકોની ભરતી કરવામાં વહાલા દવલાની નીતિ અપનાવતી હોય તેવું લાગી રહ્યું છે.

ત્યારે બેરોજગાર ઉમેદવાર હીત રક્ષક સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે છેલ્લા ૧૦ વર્ષથી વ્યાયામ શિક્ષકોની માધ્યમિક, ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં ભરતી કરવામાં આવી નથી. ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે પણ રમત-ગમતનું શિક્ષણ આપનાર ન હોય તો ખેલ મહાકુંભ કેટલા અંશે સફળ બને, અગાઉ વર્ષ ૧૧-૧૨માં સી.પી.એડ.ના વિદ્યાર્થીઓ માટે ટાટ પરીક્ષા લેવામાં આવી હતી. તો તેમની ભરતી કરવામાં કેમ ન આવી.



રાજયની સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં શાળા દીઠ એક વ્યાયામ શિક્ષક હોવા જોઈએ ત્યારે ૩૦૦૦ શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ઘટ છે ત્યારે આ શાળાઓના વિદ્યાર્થીઓ કેવી રીતે દેશ અને દુનિયામાં રમત ગમત ક્ષેત્રે નામ રોશન કરશે ત્યારે વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બનશે તો તે માટે જવાબદાર કોણ?

બેરોજગાર હીત રક્ષણ સમિતિએ સંયુકત શિક્ષણ નિયામક, શિક્ષણમંત્રી, રમત-ગમત મંત્રી અને રાજયના મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીને લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ પણ પ્રત્યુત્તર મળ્યો નથી ત્યારે શહેરમાં સત્યાગ્રહ છાવણી ખાતે ટાટ પાસ ઉમેદવારો દ્વારા આમરણાંત ઉપવાસ કરી સરકાર સામે ઉગ્ર આક્રોશ વ્યકત કર્યો છે. અને આવનાર લોકસભાની ચૂંટણીનો ઉમેદવારો અને તેમના કુટુંબીજનો બહિષ્કાર કરશે તેવી ચિમકી ઉચ્ચારી છે.

## હરિની દ્રષ્ટિ...



મારા ભાઈ, તું ફુલવાળી પાર્ટીમાં જા અને હું ટોપીવાળીમાં જાઉ છું. બેમાંથી એક ભાઈને ફાયદો થશે...!

## શંકરસિંહ બાપુ કોલેજમાં રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના જાયન્ટસ ગૃપ ઓફ મેઈન દ્વારા વાસન ખાતે આવેલ શંકરસિંહ બાપુ કોલેજ ખાતે ગઈકાલે રકતદાન શિબિરનું આયોજન કરાયું હતું. અમદાવાદની કેન્સર હોસ્પિટલના દર્દીઓ અને થેલેસેમીયાના બાળ દર્દીઓને મદદરૂપ થવાના ઉદ્દેશથી યોજાયેલા આ રકતદાન કેમ્પમાં કુલ ૪૪ રકતદાતાએ રકતદાન કર્યું હતું.

શંકરસિંહ બાપુ કોલેજમાં રકતદાન કેમ્પના પ્રચાર માટે 'આવો આપણે પણ રકતદાન કરીએ અને અમૂલ્ય માનવ જીંદગીઓ બચાવવામાં સહભાગી બનીએ' જેવા પ્રેરણાત્મક સંદેશા સાથેના પેમ્ફલેટસ વહેંચવામાં આવ્યા હતા. રકતદાન કેમ્પમાં કોલેજના આચાર્ય ડૉ. વિક્રમ પટેલ અને પ્રાધ્યાપક નિલેશ પટેલ દ્વારા એન.એસ.એસ.ના કાર્યકરોના સહકારથી સુંદર વ્યવસ્થાનું આયોજન કરાયું હતું. જાયન્ટસ ગૃપ મેઈનના પ્રમુખ બાબુભાઈ પટેલ તેમજ તેમની ટીમે પણ શિબિર સમયે ઉપસ્થિત રહી કાર્યક્રમની વ્યવસ્થા સંભાળવામાં મદદરુપ બન્યા હતા. જાયન્ટસ ગૃપની મહિલા પાંખ સાહેલીની પ્રમુખ મનીષા પટેલ, પ્રજ્ઞા પટેલ, ગાયત્રી પટેલ અને જયોત્સના પટેલે રકતદાતાઓને ચા કોફી અને નાસ્તો આપવાની જવાબદારી ઉપાડી લીધી હતી.

## અધ્યાપકોનાં એરિયર્સ માટેનો પોતાનો હિસ્સો કેન્દ્ર સરકાર સત્વરે ચૂકવે અથવા ચૂકવવાની સહમતી આપે

ગાંધીનગર, તા. ૧૯

રાજયના અગ્રસચિવે કેન્દ્રિય મંત્રીશ્રીને પત્ર પાઠવી રજૂઆત કરી, રાજયની યુનિવર્સિટી અને સંલગ્ન કોલેજોમાં યુ. જી. સી. મુજબના છઠ્ઠા પગાર પંચના અમલ બાદ તા.૦૧/૦૧/૨૦૦૬ થી તા.૩૧/૦૩/ ૨૦૧૦ સુધીના સમયગાળાના એરિયર્સની રકમ માટે કેન્દ્રના હિસ્સાની ૮૦ રકમ રાજય સરકારને ફાળવવા કેન્દ્ર સરકારને અગાઉ કરેલી દરખાસ્તો સંદર્ભે રાજયનાં શિક્ષણ વિભાગનાં ન્સિીપાલ સેક્રેટરી શ્રી એ. એમ. તિવારી (આઈ.એ.એસ.)એ કેન્દ્ર સરકારના માનવ સંશાધન મંત્રાલય અંતર્ગત આવતા ઉચ્ચ શિક્ષણ વિભાગના સચિવશ્રી અશોક ઠાકુરને આજ રોજ પત્ર પાઠવી આ સંદર્ભે સત્વરે જરૂરી નિર્ણય લેવા વિનંતી કરી છે.

રાજયનાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદીની સૂચનાથી ગુજરાતના ન્સિીપાલ સેક્રેટરી શ્રી એ.એમ. તિવારીએ પાઠવેલા આ પત્રમાં જણાવાયું છે કે, કેન્દ્ર સરકારે ઠરાવ -માણે સરકારના ભાગે આવતી વીસ ટકા રકમ પણ આ સમયગાળાના ચુકવણા માટે ફાળવી દીધી છે. પરંતુ કેન્દ્ર સરકારે બાકીની ૮૦ એરિયર્સની રકમ આપી ન હોવાના કારણે છેલ્લા બે મહિનાથી અધ્યાપકો વિરોધ -દર્શન કરી રહયા છે.

તેમણે આ પત્રમાં જણાવ્યું છે કે, રાજય સરકાર દ્વારા કેન્દ્રના માનવ વિકાસ સંશાધન મંત્રાલયમાં વારંવાર રજૂઆત કરી કેન્દ્રના ભાગની રકમ ચૂકવવા વિનંતી કરી છે. તેમણે વધુમાં જણાવ્યુ છે કે કેન્દ્ર સરકાર આ પગાર ધોરણને ૨૦૦૬ થી સ્વીકૃતિ આપે તો કેન્દ્રની સરકાર પૈસા ફાળવવાની રાહ જોયા વિના રાજય સરકાર અધ્યાપકોને પોતાના ભંડોળમાંથી પૈસા ફળવશે અને પછી કેન્દ્ર સરકાર જયારે પૈસા ફાળવશે ત્યારે રાજય પોતાના હસ્તક લેશે. આમ છતાં રાજય સરકારને તે બાબતનો જવાબ હજી સુધી મળેલ નથી.

યુનિવર્સિટીના શૈક્ષણિક કર્મચારીઓ વિરોધ -દર્શન વધુ ને વધુ ઉગ્ર બનાવી રહયા છે. સ્પષ્ટ છે કે આ બાબતે વધુમાં વધુ વિલંબ કરાઈ રહયો છે. તેમના પત્રમાં માનવ સંશાધન મંત્રાલયને ચુકવણાપાત્ર રકમ અંગે કોઈપણ ફેરફાર વિના સહમતી આપવા વિનંતી કરી છે કે જેથી રાજય સરકાર વહેલી તકે આ રકમ ચૂકવી શકે. તેમણે આ પત્રમાં કેન્દ્રીય સચિવશ્રીને રૂબરૂ મુલાકાત લઈ આ -શ્નની રજૂઆત માટે સમય અને તારીખની પણ માંગણી કરી છે.

## બ્રહ્માકુમારી સંસ્થાની નારી સુરક્ષા યાત્રાનું સ્વાગત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર રાજપુત મહિલા મંડળ દ્વારા જયોતિ મહિલા મંડળના સહયોગથી બ્રહ્માકુમારી સંસ્થાના સ્ત્રી સશકિતકરણ નારી સુરક્ષા અભિયાનના ભાગરૂપે યાત્રાનો સ્વાગત-આવકાર કાર્યક્રમ સે-૧૭ ખાતે કચ્છ-કાઠિયાવાડ રાજપુત સમાજ કાર્યાલયમાં યોજાયો હતો.

બ્રહ્માકુમારી સંગીતાદીદી તથા અન્ય બહેનોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

સ્વાગત પ્રવચન પ્રમુખ શ્રીમતી સુશીલાબા જાડેજાએ કર્યું હતું. રાજયોગીની કૈલાસદીદી, બ્રહ્માકુમારી તારાદીદી, જયોતિ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન ચોકસી, શ્રીમતી દિલહરબા ચુડાસમાએ પુષ્પથી સ્વાગત કર્યું હતું.

બ્રહ્માકુમારી સંગીતાદીદી, લતાબેન ચોકસીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. રાજયોગીની કૈલાસદીદીએ આર્શીવચન આપ્યું હતું. શ્રીમતી પવનબા પરમારે આભારવિધિ કરી હતી. સંચાલન શ્રીમતી કંચનબા ગોહિલે કર્યું હતું.

## સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થી વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા

ગાંધીનગર, તા.૧૯

કે.બી. ફાર્મસી કોલેજમાં જનજાગૃતિ માટ એઈડસ અને થેલેસેમિયા વિષે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શેઠ સી.એમ. હાઈસ્કુલના ત્રણ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલ ૧૧ વિદ્યાર્થીઓપ્રતિ સ્પર્ધામાં હતા. દરેક હરીફે સાત મિનિટનું વકતવ્ય આપ્યું હતું. નિર્ણાયકશ્રી પ્રજ્ઞાબહેન શેઠે શેઠ સી.એમ. હાઈસ્કુલના વિદ્યાર્થી વાઘેલા હિરેન એન.ને પ્રથમ નંબર આપ્યો હતો. દ્વિતીય નંબરે આર.સી. પટેલ હાયર સેકન્ડરી સ્કુલની વિદ્યાર્થીની રહી હતી. દરેકને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતાં.



## ગોઝારિયા પ્રાથમિક શાળામાં 'શબ્દાવલિ' સ્પર્ધા યોજાઈ

ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળાના ધોરણ-૪ના ૪૨ વિદ્યાર્થીઓએ 'શબ્દાવલિ' રમત સ્પર્ધામાં ભાગ લીધો હતો. વર્ગ શિક્ષક શ્રી ગીતાબેન વાઘેલાએ માર્ગદર્શન આપ્યું હતું. બાળાઓ માતૃભાષાનું ગૌરવ સમજે ગુજરાતી ભાષાનો શબ્દભંડોળ સમૃદ્ધ થાય તે હેતુથી આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા સંચાલક તરફથી સૌને અભિનંદન પાઠવવામાં આવ્યા હતાં. જ્યારે બીજી તસવીરમાં ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળાના ધોરણ-૪ના વિદ્યાર્થીઓએ 'ઈન્ડોરગેમ'ના બોર્ડ તૈયાર કર્યા હતા તેમને વર્ગશિક્ષક ગીતાબેન વાઘેલાએ માર્ગદર્શન આપ્યું હતું.

## વસંતકુંવરબા કન્યા વિદ્યાલયના વાર્ષિક રમતોત્સવની ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

બા.શ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલયમાં શાળાના આદ્ય સ્થાપક સ્વ. શ્રી નટવરસિંહજી સોલંકીની જન્મ શતાબ્દીની ઉજવણીના ભાગ રૂપે વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન પદે સાંઈ કેમ્પસના ડાયરેકટર શ્રી શશી ધુમાલ હાજર રહ્યા હતા. આચાર્યશ્રી દક્ષાબેને સ્વાગત કર્યું હતું. ભૂતપૂર્વ આચાર્યશ્રી અંબારામભાઈએ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સૌનો કાર્યક્રમ સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.

# એક બદનસીબ દીકરીઓના બાપની દર્દનાક કહાની... સત્યઘટના

### સમાજ ચિંતન

\- પોપટલાલ પ્રજાપતિ

કભી કિસી કો મુકમ્મિલ જહાં નહીં મીલતા
કહીં જમીં તો કહીં આસમાં નહીં મીલતા

દરેક વ્યક્તિને જીંદગીના મધુર સપના હોય છે. સૌ કોઇ કલ્પનાના મહેલ રચે છે પણ અંતે તો ધાર્યું ધણીનું જ થાય છે. કેટલાકને વણજોઇતી સાહ્યબી અનાયાસે મળી જાય છે તો કેટલાક સુખની એક પળ માટે જીંદગી વેડફી નાખે છે છતાં સુખ પામી શકતો નથી. જમાનાથી બચીને ચાલતો માનવી કયારેક કુદરતની ખભા મરજીનો ભોગ બની જાય છે અને કુદરત જયારે નિષ્ઠુર બની દમનનો કોરડો વીંઝે છે ત્યારે માનવી દર્દ સહન કરી શકતો નથી કે ચીસ પાડવાની પણ હામી રહેતી નથી. કુદરતની ચેલેન્જ સામે મક્કમ બની ઝઝુમતા માનવી સામે દુનિયાને કયારેક અનુકંપા જાગે છે પણ કુદરત દુઃખનાં ગંજ પકડે જ જાય ત્યારે પામર માનવી કેટલું સહન કરી શકે?

સમાજમાં બાપ અને દીકરી વચ્ચેનો સંબંધ હંમેશાં લાગણી ભીનો રહ્યો છે અને તેમાંય એક વિધુર બાપ માટે દીકરી જીવનનો આધાર હોય છે. બાપને પોતાના હૈયાનો ભાર ઓછો કરવો હોય ત્યારે દીકરાનો આશરો શોધે છે અને સાસરીયામાં દુઃખી થતી દીકરી માટે પપ્પાનું આશ્વાસન ઘા-ઉપર મલમનું કામ કરે છે. સમાજમાં બાપ-દીકરીના સંબંધોની એક ગરીમા છે અને એક મર્યાદા પણ છે. અહીં વાત કરવી છે એવી લાચાર દીકરીઓની જે ચાહીને પણ પપ્પાને મદદ કરી શકતી નથી, બલકે વિધુર બાપ માટે તેઓ દિવસે દિવસે બોજ બનતી જાય છે. બાપ એટલો વિવશ છે કે દીકરીઓના સુખ ખાતર પોતાની જીંદગી કુરબાન છતાં દીકરીઓના દર્દનો કોઇ ઈલાજ નથી. દીકરીઓની પરવશતા અને લાચારી સામે બાપ અસહાય છે અને છતાં હિંમત હાર્યા સિવાય છેલ્લા ૨૩ વર્ષથી ઘરમાં ખેલાતા મોતના તાંડવ સામે બાથ ભીડી સહ્યો છે. કારણ કે તે એક બાપ છે અને એક પત્નીનો પતિ છે.

આ દર્દનાક કહાનીની શરૂઆત થાય છે આજથી ૨૩ વર્ષ પહેલાં મોહનલાલ (નામ બદલેલ છે) ના દાંપત્યજીવનને માંડ દસ વર્ષ થયેલા, તેમને મધુબેન નામની પ્રેમાળ અને ધર્મપરાયણ પત્ની હતી અને બે દીકરીઓ તથા એક દીકરા સાથે કિલ્લોલ કરતો પરીવાર હતો. મોહનલાલ ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરતા હતા. મોહનલાલને હોંશ હતી પોતાના બાળકોને ઉચ્ચ શિક્ષણ આપી તેમને સુખી કરવાની. પણ જીંદગીની ચોપાટમાં સાચવીને પાસા નાખતો માનવી બાજી હારી જાય છે અને રમત રમતમાં કોઇ બાજી જીતી લે છે. મોહનલાલના પ્રસન્ન દાંપત્યજીવને કોઇની નજર લાગી ગઇ અને પત્ની 'પ્રોગ્રેસીવ મસ્કયુલર ડીસ્ટ્રોફી' નામના અસાધ્ય રોગનો શિકાર બની, ત્યારે મધુબેનની ઉંમર માંડ ૩૦ વર્ષની હતી... હજુ યુવાનીના પગથારે ઊભા હતા અને જીવલેણ રોગે તેમની જિંદગીની કરવટ બદલી નાખી. આ રોગમાં હાથ પગનાં તથા શરીરના સ્નાયુઓ નબળા પડી જાય છે.

દર્દી ધીમે ધીમં પથારીવશ બનતો જાય છે. શરીર માત્ર હાડકાનો માળો હોય તેવું બની જાય છે. તે જાતે હલનચલન ન કરી શકે, કોઈની મદદ વિના મળ-મૂત્રની ક્રિયા પણ ન કરી શકે તેવી અસહાય પરિસ્થિતિનો શિકાર બને છે. આ રોગ એટલો ભયાનક છે કે સાયન્સ હજુ સુધી તેની યોગ્ય ટ્રીટમેન્ટ શોધી શક્યું નથી. જે દવાઓ છે તેનાથી માત્ર થોડી રાહત મળે છે. આ રોગમાં દર્દી લાંબો સમય બેસી પણ ન શકે તે વધુ બેડ રેસ્ટથી પણ શરીરમાં પાછા પડી જાય અને હાલત વધુ બગડે છે. આનાથી કયારેક વાચા હણાઇ જાય છે તો દષ્ટિ પણ ગુમાવવાનું જોખમ રહે છે. મોહનલાલે પત્નીની બિમારીના ઈલાજ માટે પૈસા પાણીની જેમ વહાવ્યા પણ વ્યર્થ... દિવસે દિવસે પત્નીનું શરીર કથળતું ચાલ્યું મોહનલાલને પત્નીની સેવા ચાકરી કરવી, નોકરી કરી અને સાથે ત્રણ નાના બાળકોની પરવરીશ કરવાની પણ જવાબદારી આવી પડી.

છતાં તેમને હિંમત હાર્યા સિવાય મન મક્કમ કરી કુદરતના આ પડકાર સામે ટક્કર લેવાનો મનસુબો કરી મન મક્કમ કરી કુદરતના જયારે દમનનો કોરડો વીંઝે છે. ત્યારે તે અત્યંત નિષ્ઠુર બની જાય છે. મોટી દીકરી ૧૨ વર્ષની થઈ અને તે પણ આ રોગનો શિકાર બની. મોહનલાલે જીંદગીના સુખચેનની પરવા કર્યા સિવાય પોતાનું સમગ્ર ધ્યાન પત્ની અને દીકરીના આરોગ્ય પ્રત્યે કેન્દ્રીય કર્યું. પણ કુદરતને આ પરિવાર પણ જાણે દુઃખની પરાકાષ્ટા સર્જવી હતી, ત્રણ જ વર્ષ બાદ બીજી દીકરી પણ આ જ રોગમાં સપડાઇ. પત્નીનું દુઃખ જ વર્ષ બાદ બીજી દીકરી પણ આ જ રોગમાં સપડાઇ. પત્નીનું દુઃખ તો જીરવાતુ ન હતું અને ઘરમાં બે જુવાનજોધ દીકરીઓના શરીર પણ લકવાગ્રસ્ત બનતા જાય ત્યારે પથ્થર હૃદયનો માનવી પણ આ ઘા સહન ન કરી શકે તેવી દારૂણ પરિસ્થિતિનું નિર્માણ મોહનલાલનાં સંસારમાં થઈ રહ્યું હતું. પત્નીના મળ-મૂત્ર સાફ કરવા, તેને ખવડાવવા - નવડાવવા કે વસ્ત્રો પહેરાવવામાં ઝાઝી તકલીફ ન પડે પણ ઉંમર લાયક દીકરીઓને નવડાવવા કે વસ્ત્રો પહેરાવવામાં ઝાઝી તકલીફ ન પડે પણ ઉંમર લાયક દીકરીઓને નવડાવવા કે વસ્ત્રો પહેરાવવાની જવાબદારી એક બાપને નીભાવવી પડે તેના જેવી કરૂણતા બીજી કઇ હોઇ શકે? અને છતાં આ જવાબદારી નીભાવ્યા સિવાય છુટકો ન હતો, મોહનલાલના બાવળા મજબૂત હતા પણ હૃદયને મજબૂત કર્યા સિવાય છુટકો ન હતો. કરૂણતાની પરાકાષ્ઠા તો ત્યારે આવે જયારે એક બાપને પોતાની જ દીકરીઓના માસિક ધર્મ વખતે કપડાં બદલાવવા પડે. એક બાપ આવા પ્રસંગે જ મનને કેટલું મજબૂત રાખી શકે? બાપની આ પરવસતા સામે દીકરીઓનાં અંગે અંગમાં કેવી કંપારી છુટતી હશે? દીકરીઓનું મન અને મગજ સાબુત હતું. શરીર બિલકુલ સાથ નહોતું આપતું...

આટલા ઝંઝાવાટ સામે મોહનલાલ ખડકની જેમ અડીખમ ઉભા હતા ત્યાં કુદરતનો એક કારમો ઘા ઝીકાયો બે વર્ષ બાદ તેમના નાના દીકરીને તેની બાર વર્ષની ઉંમરે આ રોગના લક્ષણો દેખાવા લાગ્યા. મોહનલાલ પણ જાણએ વીજળી ત્રાટકી. તેમના સંસારમાં સુનામી સર્જાયુ. હવે તો ઘડપણની ટેકણ લાગણી પણ છીનવાઇ રહી હોય તેવો ઘાટ ઘડાઇ રહ્યો હતો. પણ દીકરો ભણવામાં ખુબ હોંશિયાર હતો ધો.૧૨ સાયન્સમાં ૯૦ ટકા ઉપરાંત ગુણ મેળવ્યા હતા. તેને ભણીને ડૉકટર બનવું હતું અને પોતાની મમ્મી અને બહેનોના રોગનો ઈલાજ કરવો હતો. પણ કુદરતની ગતિ ન્યારી છે, એ પોતે જ રોગને શિકાર બન્યો હતો. છતાં તેણે હિંમત હારી નહિ મેડિકલ કૉલેજમાં એડમિશન મેળવી લીધું હાલ તે એમ.બી.બી.એસ. ના ફાઈનલ યર્સમાં અભ્યાસ કરી રહ્યો છે. રોગ પ્રારંભિક અવસ્થામાં છે. કોઇ કુદરતી ચમત્કાર થાય અને ડૉકટર થવા માગતો આ યુવાન રોગમુક્ત થઈ પરીવારનો તારણહાર બની રહે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ પણ મોહનલાલે જગત સામે એક મિશાલ ખડી કરી છે. સામાન્ય તકલીફોમાં કાગારોડ મચાવતા માનવીને સહનશીલતાનું પ્રેરક ઉદાહરણ પુરૂ પાડ્યું છે.

કાળનું ચક્ર ફરતું ગયુ. મોહનલાલે શિક્ષકની નોકરીમાંથી નિવૃત્તિ મળી અને થોડા જ સમયમાં પત્ની પણ તેમનો સાથ છોડી સ્વધામ પહોંચી ગઈ. પત્ની પથારીવશ હતી છતાં હૈયાનો ભાર ઓછો કરવાનો તે આશરો હતી એ માધ્યમ પણ છીનવાતા મોહનલાલ જાણે જિંદગીની બાજી હારી ગયા. પણ હજુ તેમને જીવવાનું હતુ પોતાની દીકરીઓ માટે, ડૉકટર થવા માગતા પુત્ર માટે....

અત્યારે તો આખો પરીવાર જિંદગીનો મહાસંગ્રામ ખેલી રહ્યો છે. એક દીકરી ૨૮ વર્ષની છે. બીજી દીકરી ૨૫ વર્ષની અને દીકરો ૨૨ વર્ષનો છે. દીકરીઓ પથારીવશ છે છતાં તેમનું મનોબળ મક્કમ છે. અમે કયારેક તો સાજા થઈશું પણ પપ્પાના દુઃખમાં ભાગીદાર બનીશું. દીકરો ડૉકટર બની આ રોગના મૂળ સુધી પહોંચવા પ્રયત્ન કરી રહ્યો છે. જેઓ આ પરીવારની દર્દનાક કહાની સાંભળે છે તેઓ ભીંતરમાં રડી પડે છે. સૌ કોઇ તેમણે મદદરૂપ થવા માગે છે. સૌને દર્દ વહેચવું છે પણ કોઈને માર્ગ સુઝતો નથી. આપણે પરમાત્માને એટલી પ્રાર્થના કરીએ કે હે કરૂણાનિધાન! કોઇ દીકરીના બાપને તું એટલો લાચાર ન બનાવીશ કે દીકરીના દુઃખ દૂર કરવાનો કે આ દુઃખ સહન કરવાને પણ તે શક્તિમાન ન રહે...

(સત્ય ઘટનાના પાત્રનું નામ બદલેલ છે.)